સમાજ સુરક્ષા ખાતુ,ગાંધીનગરની વડી કચેરી માટે વાહન તેમજ તેઓ હસ્તકની ક્ષેત્રીય કચેરીઓ માટે સ્ટાફ કારની વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ
**ઠરાવ ક્રમાંકઃ– મકમ/૧૦૨૦૧૫/૮૬૪૦૧૫/ન.બા.૧૯/છ**
સચિવાલય,ગાંધીનગર.
તારીખઃ– 24 AUG 2016

**<u>વંચાણે લીધા :–</u>**

(૧) નિયામકશ્રી,સમાજ સુરક્ષા ખાતું,ગાંધીનગરનો તા.૧૭/૨/૨૦૧૬ નો પત્ર ક્રમાંકઃ– સસુખા/યજન/૨૦૧૫–૧૬/૬૬

(૨) નિયામકશ્રી,સમાજ સુરક્ષા ખાતું,ગાંધીનગરનો તા.૬/૫/૨૦૧૬ નો પત્ર ક્રમાંકઃ– સસુખા/યજન/ન.બા./૨૦૧૬–૧૭/૧૩૨

(૩) નિયામકશ્રી,સમાજ સુરક્ષા ખાતું,ગાંધીનગરનો તા.૧૪/૬/૨૦૧૬ નો પત્ર ક્રમાંકઃ– સસુખા/યજન/૨૦૧૬–૧૭/૨૫૭

**<u>પ્રસ્તાવના :–</u>**

નિયામકશ્રી,સમાજ સુરક્ષા ખાતુ,ગાંધીનગરની ક્ષેત્રીય કચેરીઓ માટે ૦૬ કન્ડેમ કરવાપાત્ર વાહનો સામે ૦૬ નવા વાહનો ખરીદવા માટે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંકઃ–(૧) ના તા.૧૭/૨/૨૦૧૬ના અને વંચાણે લીધેલા ક્રમાંકઃ–(૨) ના તા.૬/૫/૨૦૧૬ના પત્રોથી રૂા.૬૪.૨૦ લાખની નવી બાબત રજૂ કરવામાં આવેલ હતી.

સને.૨૦૧૬–૧૭ ના અંદાજપત્રમાં રૂા.૬૪.૨૦ લાખની સદરહુ નવી બાબત મંજૂર થતાં નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંકઃ–(૩) ના તા.૧૪/૬/૨૦૧૬ના પત્રથી નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરની કચેરી માટે ૦૨ સ્ટાફ કારના વાહન અને જિલ્લા કચેરીઓ માટે ૦૪ સીટી રાઈડ પ્રકારના વાહનોની ખરીદી અંગેની દરખાસ્ત રજૂ કરવામાં આવેલ. સદરહુ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**<u>ઠરાવ :–</u>**

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી,સમાજ સુરક્ષાની કચેરી માટે મળવાપાત્ર વાહનોની પ્રર્તમાન D.G.S.& D. રેઈટ કોન્ટ્રેકટ મુજબ વડી કચેરીના ઉપયોગ માટે ૦૧ (એક) વાહનના રૂા.૬.૦૦ લાખ તેમજ ભિક્ષુક ગૃહના અંતેવાસીઓ માટે તેઓને પકડવા,કોર્ટમાં લઈ જવા–લાવવા માટે ઉપર જણાવ્યા મુજબના કન્ડેમ કરવામાં આવેલ ૦૪ (ચાર) મેટાડોર સામે ૦૪ (ચાર) ટાટા સીટી રાઈડ વાહનોની પ્રતિ વાહન દીઠ રૂા.૧૩.૫૦ લાખ લેખે રૂા.૫૨.૨૦ લાખ મળીને કુલ રૂા. ૫૮.૨૦ લાખની નવી બાબતની દરખાસ્તને નીચેની શરતોને અધીન તેમજ વિચારણા હેઠળના

વાહન માટે ડ્રાઈવરની જગ્યા ભરાયેલ હોવાની શરતે અન્યથા ડ્રાઈવરની સેવાઓ આઉટ સોર્સથી લેવાની શરતે ખર્ચ કરવાની આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

<u>શરતો:-</u>

(૧) વાહનની ખરીદી બંદર અને વાહન વ્યવહાર વિભાગના તા.૨૪/૯/૨૦૦૮ના ઠરાવ ક્રમાંક:-જીટીએસ/૧૦૨૦૦૬/યુઓ.૮/ઘ ની જોગવાઈ અને શરતોને અનુસરીને જે તે નાણાકીય વર્ષ દરમિયાન કરવાની રહેશે.

(૨) બંદર અને વાહન અને વ્યવહાર વિભાગ ધ્વારા નિયત કરવામાં આવેલ નીતિ અનુસારનુ વાહન જ ખરીદવાનું રહેશે. તે સિવાય અન્ય કોઈ પ્રકારનું વાહન ખરીદી શકાશે નહી. તેમજ, બંદર અને વાહન વ્યવહાર વિભાગ ધ્વારા વખતો – વખત બહાર પાડવામાં આવતી વાહન ખરીદી અંગેની નતિ મુજબ નિયત થયેલ વાહન જ ખરીદવાનું રહેશે.

(૩) નવા વાહનની ખરીદી કન્ડમ વાહન સામે કરવાની હોય તો કન્ડમ કરેલ વાહનની નિયત પ્રક્રિયા અનુસાર જાહેર હરાજી કરી ઉપજેલ રકમ સત્વરે સરકારમાં જમા કરાવવાની રહેશે.

(૪) બંદર અને વાહન અને વ્યવહાર વિભાગના તા.૨૪/૯/૨૦૦૮ ના ઠરાવ પ્રમાણે ખરીદેલ વાહનને પેટ્રોલ સંચાલિત હોય તો તેને સીએનજીમાં રૂપાંતર કરાવવાની રહેશે.

(૫) વાહનની ખરીદી અંગે રાજય સરકારની પ્રવર્તમાન ખરીદ નીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૬) આ અંગેનો ખર્ચ નીચેના બજેટ સદરે ઉધારવાનો રહેશે.

<u>માંગણી નં. ૯૨ પ્લાન</u>

| | |
|---|---|
| ૨૨૩૫ | – સામાજિક સુરક્ષા અને કલ્યાણ |
| ૦૨ | – સમાજ કલ્યાણ |
| ૦૦૧ | – નિર્દેશ અને વહીવટ |
| ૦૧ | – એસ.સી.ડબલ્યુ–૦૧ સમાજ સુરક્ષા નિયામકની કચેરી |
| Demand no | - 92 |
| Major Head | - 2235 Social Security and Welfare (contd.) |
| Sub Manor Head | - 02-Direction & Administration |
| 001 : | - 01-scw-1- Directorate of social Defence |

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૧૨/૭/૨૦૧૬ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

(મહેન્દ્ર ચૌહાણ)
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (સા.ન્યા),સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- નિયામકશ્રી,સમાજ સુરક્ષા ખાતુ,બ્લોકનં.૧૬,ડૉ.જીવરાજ મહેતા ભવન,જુના સચિવાલય, ગાંધીનગર.
- નાણાંકીય સલાહકારશ્રી (સા.ન્યા),નાણા વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી,ગુજરાત,અમદાવાદ/રાજકોટ
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ (મારફતે:- નિયામકશ્રી,સમાજ સુરક્ષા ખાતું, બ્લોકનં.૧૬,ડૉ.જીવરાજ મહેતા ભવન,જુના સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે:- નિયામકશ્રી,સમાજ સુરક્ષા ખાતું, બ્લોકનં.૧૬,ડૉ.જીવરાજ મહેતા ભવન,જુના સચિવાલય, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી,ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી,ગાંધીનગર/અમદાવાદ.
- બજેટ શાખા/ છ-૧ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,સચિવાલય,ગાંધીનગર
- સિલેકટ ફાઈલ.